# નોટિસ પેપર ભાગ-૧
# વિધેયકો, પ્રસ્તાવો, સંકલ્પો વિગેરેની સૂચનાઓ
# પંદરમી ગુજરાત વિધાનસભા
# આઠમું સત્ર
# શનિવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૨૬

## વૈધાનિક સંકલ્પો સિવાયના બિન-સરકારી સભ્યોના સંકલ્પોઃ-

## બિન સરકારી સંકલ્પો (મંગળવાર, તા.૨૪-૦૩-૨૦૨૬)ના રોજ ચર્ચા માટે હાથ પર લેવાના સંકલ્પો.

**(૧) માનનીય સભ્યશ્રી અનિરુદ્ધ દવેનો સંકલ્પ**

આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ પર્યાવરણીય સંરક્ષણ અને ક્લાઇમેટ ચેન્જ માટે સામૂહિક અને વ્યક્તિગત કાર્યવાહી થકી રાષ્ટ્રીય પહેલ અને અન્ય દેશો સાથે મળીને અનેક વૈશ્વિક પહેલ શરૂ કરી છે. પર્યાવરણની જાળવણી માટે ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી વિશ્વને પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન માટે જે રાહ ચીંધવા માટે Mission LiFE(Lifestyle for Environment) અભિયાનની પહેલ શરુ કરેલ છે. આ એક એવો ખ્યાલ છે જે પર્યાવરણને અનુલક્ષીને આપણી જીવનશૈલીમાં ફેરફાર કરે છે. આ આપણને આપણા સંસાધનોનો ખૂબ જ કાળજીપૂર્વક ઉપયોગ કરવાનું શીખવે છે. આ આપણને રોજિંદા જીવનમાં Circular Economyના ખ્યાલને અમલમાં મૂકવાની પણ યાદ અપાવે છે.

આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ સમગ્ર વિશ્વ સમક્ષ રજૂ કરેલો બીજો ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો પંચામૃત છે. ગ્લાસગો, યુનાઈટેડ કિંગડમમાં આયોજિત યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ(UNFCCC)ના કોન્ફરન્સ ઓફ ધ પાર્ટીઝ(COP26)ના ૨૬ મા સત્ર દરમિયાન માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા વિકાસશીલ દેશોની ચિંતાઓ વ્યક્ત કરી અને ક્લાઈમેટ ચેન્જ એક્શન પ્લાન અંગેના પાંચ અમૃત તત્વો (૧) વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ બિન-અશ્મિભૂત(નોન ફોસીલ) ઉર્જા ક્ષમતા, (૨) વર્ષ ૨૦૩૦ સુધીમાં આ ઉર્જા જરૂરિયાતોના ૫૦ ટકા renewable energyથી, (૩) વર્ષ ૨૦૩૦ સુધીમાં કુલ અંદાજિત કાર્બન ઉત્સર્જનમાં એક અબજ ટનનો ઘટાડો, (૪) વર્ષ ૨૦૩૦ સુધીમાં વર્ષ ૨૦૦૫ ના સ્તર

૨...

કરતાં અર્થતંત્રની કાર્બન તીવ્રતામાં ૪૫ ટકાનો ઘટાડો તેમજ (૫) વર્ષ ૨૦૭૦ સુધીમાં net zero carbon emissionના લક્ષ્યને પ્રાપ્ત કરવા અંગે જણાવ્યું છે. આમાં નવીનીકરણીય ઉર્જાના ઉપયોગ અને અશ્મિભૂત ઇંધણના વપરાશમાં ઘટાડા પર ભાર મૂકવામાં આવેલ છે. તેમણે વિશ્વને કલાઇમેટ ચેન્જના જોખમો સામે ટકી રહેવા માટે માર્ગ મોકળો કર્યો છે.

માનનીય વડાપ્રધાનશ્રી પેરિસ કરારના પણ મુખ્ય સમર્થક રહ્યા છે અને તેને "climate justice"ની જીત ગણાવેલ છે. તેમના નેતૃત્વ હેઠળ, ભારતે વર્ષ ૨૦૧૬ માં પેરિસ કરારને બહાલી આપેલ છે. પેરિસ કરાર અને ભારતનો રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ(NCAP) પૂરક માળખા છે, જેમાં NCAP હવાની ગુણવત્તા અને ઉત્સર્જન ઘટાડા સંબંધિત કલાઇમેટ પ્રતિબધ્ધતાને પૂર્ણ કરવામાં મદદ કરે છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીની પહેલથી ભારતે ફ્રાંસના સહયોગમાં ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સની સ્થાપના કરી છે અને તેનું મુખ્ય મથક હરિયાણાના ગુરૂગ્રામમમાં રાખવામાં આવ્યું છે. આજે આ એલાયન્સમાં ૧૧૨ સભ્ય દેશો અને ૧૪ સિગ્નેટરી દેશો છે. ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ(ISA) સંસ્થાનો હેતુ સૌર ઉર્જાથી સંપન્ન દેશોને એક મંચ પર લાવીને અશ્મિભૂત ઇંધણ(fossil fuels) પરની નિર્ભરતા ઘટાડવાનો અને સ્વચ્છ ઉર્જાના વપરાશને પ્રોત્સાહન આપવાનો છે. જે સ્વચ્છ ઉર્જા ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા માટે "એક સૂર્ય, એક વિશ્વ, એક ગ્રીડ" દ્રષ્ટિકોણ હેઠળ વૈશ્વિક સ્તરે સૌર ઉર્જાને પ્રોત્સાહન આપે છે.

એપ્રિલ, ૨૦૨૩માં સ્થપાયેલ ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ(IBCA) વૈશ્વિક જોડાણમાં સાત મોટી બિલાડીની પ્રજાતિઓ(વાઘ, સિંહ, ચિત્તો, હિમ ચિત્તો, દીપડો, જેગુઆર અને પુમા)ના સંરક્ષણ માટે આ એલાયન્સમાં જોડાયેલા દેશો સાથે ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય ભાગીદારી કરેલ છે.

વર્ષ ૨૦૨૩માં દુબઈમાં યોજાયેલ COP28 માં જાહેર કરાયેલ ગ્રીન ક્રેડિટ પહેલ કાર્બન ક્રેડિટ ઉપરાંત સ્વૈચ્છિક પર્યાવરણીય ક્રિયાઓ જેમ કે, પાણી સંરક્ષણ અને કચરાના વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપે છે. આમ, ભારત તેની આ પહેલો દ્વારા 'વસુધૈવ કુટુંબકમ', આખી પૃથ્વી એક પરિવાર છે - ની ભાવના સાથે પર્યાવરણ જાળવણીના વૈશ્વિક લક્ષ્યો હાંસલ કરવા પ્રયત્નશીલ છે. માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા વૈશ્વિક સ્તરે પર્યાવરણીય સમસ્યાઓના નિરાકરણ અને જાળવણી માટેની પહેલ માટે આ સભાગૃહ માનનીય વડાપ્રધાનશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને માનનીય વડાપ્રધાનશ્રીના આ પ્રયાસો વધુ વેગવંતા બનાવવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

3...

## (૨) માનનીય સભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણનો સંકલ્પ

સરકારશ્રી દ્વારા રાજ્યમાં નલ સે જલ યોજના થકી ઘર ઘર સુધી પાણી પુરૂ પાડવા માટે બજેટમાં ખૂબ મોટી રકમની ફાળવણી કરવામાં આવેલ છે. આ કામગીરી પૂર્ણ કરવા માટે વિવિધ એજન્સીઓને કોન્ટ્રાક્ટ આપવામાં આવેલા છે. આ એજન્સીઓને નિયમાનુસાર પાણી સમિતિઓના અહેવાલના આધારે ચૂકવણાં પણ કરવામાં આવ્યાં છે. પરંતુ રાજ્યમાં ઠેર ઠેર અનેક ગામોમાં નળ દ્વારા પાણી પહોંચવા બાબતે અનેક ફરિયાદો મળેલ છે. આ ફરિયાદો મુજબ પાણી પુરૂ પાડવા માટેની પાઇપો હલકી ગુણવત્તાની તેમજ નાની સાઇઝની છે. જેને પરિણામે પૂરતા પ્રમાણમાં પાણી પહોંચતું ન હોવાની તેમજ પાઇપો ફાટી જતી હોવાની ઘટના ઘટે છે.

રાજ્યમાં નાગરિકોને નલ સે જલ યોજના અંતર્ગત પાણી પહોંચે અને જે ખામીઓ અને ફરિયાદો સામે આવી છે તેની તપાસ કરી, લોકોના ઘર સુધી પાણી પહોંચે તેવી વ્યવસ્થા કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

## (૩) માનનીય સભ્યશ્રી ડી. કે. સ્વામીનો સંકલ્પ

ભારતના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ નારી શક્તિને સમાજમાં પૂરતું સન્માન અને અવસર મળે તેમજ તેના થકી સમાજનો વિકાસ થાય તે માટે ''નારી શક્તિ વંદના''ની વિચારધારા રજૂ કરેલ છે. નારી શક્તિ ભારતના ભવિષ્યના કેન્દ્રબિંદુ સમાન છે. ભારત દેશ જ્યારે અમૃતકાળમાં પ્રવેશ્યો છે ત્યારે ''નારી શક્તિ'' માત્ર એક સૂત્ર નથી રહ્યું પરંતુ રાષ્ટ્રીય મિશન બની ગયું છે. જ્યારે નારી સશક્ત બને છે, ત્યારે માત્ર એક વ્યક્તિ નહીં પરંતુ આખો સમાજ આગળ વધે છે.

ગુજરાત સરકારે આ વિચારને સાકાર કરવા માટે અનેક લોક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકેલ છે. ''વ્હાલી દીકરી યોજના'' દ્વારા દીકરીના જન્મને પ્રોત્સાહન આપી તેના શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય માટે મજબૂત આધાર પૂરો પાડવામાં આવી રહ્યો છે. ''ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના'' દ્વારા વિધવા મહિલાઓને આર્થિક આધાર આપી તેમને સન્માનપૂર્ણ જીવન જીવવાની શક્તિ આપવામાં આવી રહી છે. અંદાજે ૧૪૦૦૦ જેટલી બાલિકા પંચાયતોની રચના કરી નારી શક્તિને સ્થાનિક પ્રશ્નો ઉકેલવામાં સહભાગી બનાવવામાં આવી રહી છે. ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર અને ''માતા યશોદા એવોર્ડ'' જેવી પહેલ કરવામાં આવી છે જે મહિલાઓના ઉત્કૃષ્ટ કાર્યને સન્માનિત કરીને સમાજમાં પ્રેરણાનો સ્ત્રોત બની રહી છે. આજે ગુજરાતની મહિલાઓ દરેક ક્ષેત્રમાં પોતાની પ્રતિભા અને પરિશ્રમથી નવી ઊંચાઈ સર કરી રહી છે. ક્યારેક ઘર સુધી મર્યાદિત માનવામાં આવતી મહિલાઓ આજે શિક્ષણ, વિજ્ઞાન, રમતગમત, ઉદ્યોગ, કલા, સાહિત્ય અને સામાજિક સેવા જેવા અનેક ક્ષેત્રોમાં પોતાની આગવી

ઓળખ ઉભી કરી રહી છે. ગુજરાતની મહિલાઓ માત્ર પોતાના પરિવારને જ નહીં પરંતુ સમગ્ર સમાજને સશક્ત, સંસ્કારી અને સમૃદ્ધ બનાવવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.
આ સંદર્ભમાં એક સુંદર સંસ્કૃત વાક્ય યાદ આવે છે

नारी शक्तिः समाजस्य प्राणः– સશક્ત નારી, સમૃદ્ધ સમાજ

રાજ્ય સરકાર મહિલાઓની શક્તિને બિરદાવવા અનેક યોજનાઓ આગળ વધારી રહી છે ત્યારે રાજ્ય સરકાર મહિલાઓના સશક્તિકરણ માટે આવી વધુને વધુ યોજનાઓ અમલમાં મૂકીને ‘‘નારી શક્તિ વંદના’’ને અર્થપૂર્ણ બનાવવા માટે જરૂરી લાગે તે તમામ પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**